# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૩/૪/૨૦૧૯

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# ચેમ્બરમાં ઓરો યુનિવર્સિટીના ડીન તથા પ્રોફેસરોએ વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર માટે માર્ગદર્શન આપ્યુ

સુરત. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બાદ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર વિશેની મૂંઝવણોને દૂર કરવાના હેતુથી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સોમવારથી 'કેરીયર ગાઇડન્સ મહોત્સવ'નો શુભારંભ કરવામાં આવ્યો છે. આજરોજ મહોત્સવના ત્રીજા દિવસે ઓરો યુનિવર્સિટીના ડીન ડો. રોહિત સિંઘ તથા પ્રોફેસર કમલ મનાકતોલા અને શ્રી અવિનાશ એન્જીનિયર દ્વારા વિદ્યાર્થીઓને બેંકીગ એન્ડ એકાઉન્ટ્સ, હોટેલ એન્ડ હોસ્પિટાલિટી અને ડિઝાઇનીગ ક્ષેત્રે કારકિર્દી ઘડતર માટે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ડો. રોહિત સિંઘે જણાવ્યુ હતુ કે આપણા દેશમાં એક્ચ્યુરીયલ સાયન્સિસ માટે વિપુલ તક છે. વિદ્યાર્થીઓ સીએ અને સીએફએ કરી શકે છે. એકાઉન્ટ્સની સાથે મેનેજમેન્ટ ડીગ્રી અને સ્પેશ્યલાઇઝેશન કરવાની જરૂર છે. ધોરણ ૧૨ કોમર્સ પાસ કરનાર વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએશન બાદ બેંકીગ ક્ષેત્રમાં કારકિર્દી બનાવી શકે છે. સરકારી તેમજ ખાનગી બેંકોમાં પ્રોબેશનલ ઓફિસર બની શકે છે.

તેમણે ગ્રેજ્યુએશન બાદ વિદ્યાર્થીઓને બે વર્ષ માટે ગેપ લેવાની પણ સલાહ આપી હતી. બે વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ નોકરી કરે અને નોકરી દરમિયાન થયેલા અનુભવમાંથી પોતાની રૂચી ઓળખી શકે. ત્યારબાદ તેઓ પોતાની ગમતી સ્ટ્રીમમાં માસ્ટર ડીગ્રી હાંસલ કરી કારકિર્દી બનાવે. તેમણે સિવિલ એવીએશન, ફાયનાન્શીયલ કેપીટલ માર્કેટ, એનીમેશન એન્ડ કોમ્યુનિકેશન, ડિઝાઇનીગ, ક્રિએટીવ આર્ટ અને ઇવેન્ટ મેનેજમેન્ટમાં ડિપ્લોમા કરીને પણ કારકિર્દી બનાવી શકાય તેમ જણાવ્યુ હતુ.

પ્રોફેસર કમલ મનાકતોલાએ હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ક્ષેત્રે કારકિર્દી ઘડતર માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે કહયુ હતુ કે ટુરીઝમ મોટુ ક્ષેત્ર છે. વૈશ્વિક સ્તરે દરવર્ષે ટુરીઝમ ક્ષેત્રમાં દસ ટકાનો વિકાસ થઇ રહયો છે. ટુરીઝમને કારણે દેશભરમાં હોટેલો બની રહી છે. આથી હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ક્ષેત્રે નોકરીની વિપુલ તકો રહેવાની છે.

શ્રી અવિનાશ એન્જીનિયરે વિદ્યાર્થીઓને ડિઝાઇનીગ ક્ષેત્રે કારકિર્દી ઘડતર માટે માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે કહયુ હતુ કે જીવન જરૂરિયાતની બધી જ વસ્તુઓ જેવી કે ચશ્માથી માંડીને કપડાં સુધીની ડિઝાઇન થાય છે અને ભવિષ્યમાં પણ થવાની છે. ડિઝાઇનીગમાં વિદ્યાર્થીઓ માટે આર્કિટેકચર ક્રિએટીવ ફિલ્ડ છે. ઇન્ટીરીયર ડિઝાઇનીગ, ફેશન ડિઝાઇનીગ, ગ્રાફીકસ ડિઝાઇનીગ જેવા અનકન્વેશનલ કોર્સ છે. ગ્રાફિકસ, એનીમેશન અને એડવર્ટાઇઝમેન્ટમાં પણ વિદ્યાર્થીઓ કારકિર્દી બનાવી શકે છે.

આજના સેશનમાં ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી જગદીશ ટેકરાવાલાએ પ્રાસંગિક વિધી કરી હતી. નિષ્ણાત વકતાઓએ વિદ્યાર્થીઓ અને વાલીઓના સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ કેરીયર ગાઇડન્સ મહોત્સવના ત્રીજા દિવસનું સમાપન થયુ હતુ.